www.CBSEtips.in

# Class XII
# Gujarati
# Sample Question Paper-Answer Key

**Code No. 110**

| નોટ | NOTE |
|---|---|
| ➢ આ પ્રશ્નપત્રને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.<br>➢ વિભાગ અ – વસ્તુનિષ્ઠ પ્રશ્નો (MCQ)<br>➢ પ્રશ્ન 1,2,3 ના દરેક ઉત્તર માટે 1-1 અંક નિર્ધારિત છે.<br>➢ કુલ ગુણ -૪૦ | This Question paper is divided in two parts.<br>**Part A -** Objective type questions. (MCQ).<br>Q.1, Q.2, Q.3 are of 1 mark each.<br>Total Marks - 40 |
| ➢ વિભાગ બ – વર્ણનાત્મક પ્રશ્નો.<br>➢ આપેલી સૂચના પ્રમાણે આ વિભાગના પ્રશ્નોત્તર લખવાના રહેશે.<br>➢ લેખન કાર્યમાં આવતા પત્રલેખનના પ્રશ્નમાં જો પ્રેષકનું નામ આપવામાં આવ્યું ન હોય તો જવાબમાં પત્ર લખતી વખતે વિદ્યાર્થીએ પોતાનું નામ સરનામું કે પોતાની અને કોઇપણ શહેરની આગવી ઓળખ આપવી નહિ. જો પ્રશ્ન પત્રમાં પ્રેષક અને પ્રતિનું નામ જણાવ્યું હોય તો જ તેનો ઉલ્લેખ પત્રલેખનમાં કરવો.<br>➢ કુલ ગુણ-૪૦ | **Part B -** Subjective, Descriptive questions.<br>As per the instructions given, the questions and answers of this section have to be written.<br>Do not mention your identity or the place you reside in the answer to this letter writing question. In case name or address is mentioned in the question, you will have to use the same in your answer.<br>Total Marks = 40 |
| ➢ પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અચૂક લખવો. | Please write down the serial number of the question before attempting it. |
| | |

## ગુજરાતી
## ધોરણ – XII (110)

સમય – 3 કલાક | Time: 3 hrs.

કુલ ગુણ -80 | M.M.- 80

## PART A

## (Advanced Reading Skill)

**પ્રશ્ન-1(A) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ શોધીને લખો.** **5**

**પ્રશ્નો-**

1.વાચન વ્યક્તિના વ્યક્તિત્વ કેવું બનાવે છે?

**B. નિખારીને, કંડારીને પૂર્ણ અને ઉન્નત.**

2. વાચનના પ્રભાવથી શું બદલાય છે?

**A. વ્યક્તિનું માનસ, વિચારસરણી અને જીવનશૈલી.**

www.CBSEtips.in

3. સારા પુસ્તકો વાચકને કેવી રીતે માર્ગદર્શન આપે છે?

**D. સાચા મિત્રો, સુખદુઃખના સાથી, સત્ય અને સ્પષ્ટ વક્તા.**

4. સારા પુસ્તકોના વાચનથી કેવા ગુણો કેળવાય છે?

**C. શ્રદ્ધા, હિંમત, બહાદુરી, પ્રેમ, ક્ષમા.**

5. રસ્કિનના 'unto the last' નામના પુસ્તકને કારણે શું થયું?

**A. ભારતનું ભાવિ બદલાયું અને ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોએ કંડારાયું.**

**(B) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ શોધીને લખો.** **5**

**પ્રશ્નો –**

1. કવિ સંધ્યાકાશને કેવું કહે છે?

**C. પલ પલ નવલા પ્રેમલ ચીર બદલતું**

2. સરોવર માટે કવિએ શી કલ્પના કરી છે?

**D. કોણ પોતાની કુમળી ઊર્મિ મોકલતું હશે?**

3. નદીના વહેતા જળમાં કવિને શું સંભળાય છે?

**A. કંકણનો ખણકાર**

4. પુષ્પ તણી પાંદડીએ બેસી ......પંક્તિ પૂર્ણ કરો.

**B. હસતું કોણ ચિરંતન હાસ?**

5.સારસની જોડના હ્રદયમાં શું ઊઠે છે?

**B.પ્રેમની ઝંખનઝાળ**

**(Literature)**

**પ્રશ્ન-2 (A) નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** **5**

1. 'ક્રોધી સ્વભાવને જીતવો ને' કાવ્યમાં ગંગાસતીએ શો સંદેશ આપ્યો છે?

**C. માનવજાતને આદર્શનો સંદેશ**

2. 'વતનનો તલસાટ' કાવ્યનો પ્રકાર જણાવો.

**D. સોનેટ**

3. પ્રભુલાલ દ્વિવેદી કયા કાર્યમાં સંકોચ ન રાખવો અને શાનાથી ડરવાનું કહે છે?

**B. સત્કાર્ય, દુષ્કાર્ય**

4. માનવીએ ક્યારેય ગર્વ ન કરવો કારણ કે ..... વાક્ય પૂર્તિ કરો.

**C. ભૂપતિમાંથી ભિખારી બનતાં વાર નથી લાગતી.**

5. પોઢેલી પાંપણના પડદા ઉપાડવા એટલે શું?

**A.અજ્ઞાનનો અંધકાર દૂર કરવો**

6.. શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે?

**D. મોહમાયાને ત્યાગીને પરમતત્વ એટલે કે ઈશ્વરને પામવું**

7. વડલાના હૈયામાં શું સમાયેલ છે?

**C.પંખીઓના મીઠા ટહુકા**

**(B) નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** **5**

1.કુસુમનું મુખકમળ શાથી નમી ગયું? તેણે શું કર્યું?

**C.સુંદરના શબ્દવૃષ્ટિના પ્રવાહથી – સુંદરની પાછળ ચાલવા લાગી**

2.નારાયણ હેમચંદ્રને કયા કયા શોખ હતા?

**D. પુસ્તકોનું ભાષાંતર લોકો સુધી પહોંચાડવાનો અને પ્રવાસપ્રીતિ**

3. 'મોરના ઈંડાં' પાઠનો પ્રકાર જણાવી તે કયા પુસ્તકમાંથી લેવાયો તે શોધો.

**C. નવલિકા - માનતા**

4. 'અમારો એકનો એક રાજકુમાર સદા છે તેવો ને તેવો ફૂટડો અને જુવાન રહે એવી અમારી ઇચ્છા છે.' આ વાક્ય કોણ, કોને કહે છે?

**C. રાણી, સિદ્ધપુરુષ**

5.રાજારાણીની સામે ચિરાયુએ તરછોડેલી રાણીએ આત્મહત્યા કરી ત્યારે તેમણે શું વિચાર્યું? આ ઉક્તિ કઈ કૃતિની છે?

**B. આના કરતાં જુવાની ન હોય તો સારું – થીંગડું**

6. મનુષ્યના વેશ નહિ, કિન્તુ તેના મન વૃત્તિ બદલવા, ... (ઉક્તિ પૂર્ણ કરો.) પાઠના લેખક કોણ છે?

**A. કેવળ નામ નહિ, કામ બદલવા જોઈએ. - જૉસેફ મેકવાન**

7. અખો ક્યાં અને કયા હોદ્દા પર કામ કરતો હતો?

**D. બાદશાહના મહેલમાં - ટંકશાળાના ઉપરી**

**(Applied grammar)**

**પ્રશ્ન-3 (A) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** **5**

1.નીચેનામાંથી 'તુંબડીમાં કાંકરા હોવા' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

**A. કશી જ સમજ ન પડવી**

2. નીચેનામાંથી 'વારી જવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

**C. ફિદા થઈ જવું**

3. નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય છે?

**B. માઠું લાગવું – ખરાબ લાગવું**

4. નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય નથી?

**D. આંચ ન આવવી – આગ લગાવી**

5. નીચેનામાંથી 'બે પાંદડે થવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

**A. આર્થિક પરિસ્થિતિ સુધરવી**

6. નીચેનામાંથી 'ઠેકાણે પડવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

**C. ધંધે વળગવું**

**(B) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ ચાર)** www.CBSEtips.in **4**

1. નીચેના કહેવત-જોડકાંમાંથી સમાન અર્થવાળું જોડકું શોધો.

   **D. ફરે તે ચરે ને બાંધ્યું ભૂખે મરે. – મહેનત કરે તે જ ફળ મેળવે.**

2. નીચેનામાંથી 'તારું મારું સહિયારુ ને મારું મારું આગવું. –આ કહેવતનો સાચો અર્થ લખો.

   **A. પોતાની વસ્તુ પોતાની પાસે રાખવી અને બીજાની વસ્તુમાં ભાગ પડાવવો.**

3. ઘણાં બધાં તાંતણાં ભેગા થાય તો તે ખૂબ જ મજબૂત બને છે. - આ કઈ કહેવતનો અર્થ છે?

   **B. બહુ તંતુ બળવંત**

4. 'જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ' કહેવતનો સાચો અર્થ શોધો.

   **C. જેવા પોતે હોય તેવા જ અન્ય પણ લાગે.**

5. નીચેના કહેવત-જોડકાંમાંથી સમાન અર્થવાળું જોડકું શોધો.

   **D. અતિ લોભ તે પાપનું મૂળ. – લોભે લક્ષણ જાય.**

**(C) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર શોધો. (કોઈપણ ત્રણ)** **3**

1. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

   **B. જે સત્ય મને જડ્યું નથી તે સત્યને શોધવા માટે હું કોઈપણ વસ્તુ ત્યાગવા તૈયાર છું.**

2.નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દૃષ્ટિએ કયું વાક્ય અયોગ્ય છે?

   **D. કોઈપણ નિર્ણય નિશ્ચય લેતા પહેલા કદી વિચાર નહિ કરવો જોઈએ.**

3. નીચેનામાંથી પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ સાચું વાક્ય શોધો.

   **B.પ્રભાતનાં સુવર્ણ કિરણોમાં વેનિસ સુવર્ણનગરી સમી ઝળહળી ઊઠે છે.**

4. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય શોધો.

   **A. ખેડૂતો પાયમાલ થયા અને કારીગરવર્ગ બેકાર બન્યો.**

**(D) નીચેના વાક્યોના સૂચના પ્રમાણે કાળ ઓળખો. (કોઈપણ ત્રણ)** **3**

1. નીચેના વાક્યોમાંથી પૂર્ણ વર્તમાનકાળનું વાક્ય શોધો.

   **A. શિક્ષકે વિદ્યાર્થીઓને જીવનમાં સચ્ચાઇ મૂલ્ય સમજાવ્યું છે.**

2. નીચેના વાક્યોમાંથી ચાલુ ભૂતકાળનું વાક્ય શોધો.

   **D. મીરાં સંસારરૂપી વૃંદાવનની કુંજગલીઓમાં ગિરિધરની લીલાના ગુણગાન કરી રહ્યાં હતાં.**

3. નીચેના વાક્યોમાંથી પૂર્ણ ભવિષ્યકાળનું વાક્ય શોધો.

   **C. વૈજ્ઞાનિકોએ વસ્તુનું આત્મભુત સત્ય અનેક શોધો દ્વારા સાબિત કર્યું હશે.**

4. નીચેના વાક્યોમાંથી સાદા ભૂતકાળનું વાક્ય શોધો.

   **C. સુભાષચંદ્ર બોઝે દેશની આઝાદી માટે પ્રાણની આહુતિ આપી.**

# PART B

## (Literature)

**પ્રશ્ન-4 (A) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (કોઈપણ બે)** **4**

1. ગંગાસતી કઈ આશા છોડીને શેમાં ધ્યાન ધરવાનું કહે છે?

**ઉત્તર: આલોક અને પરલોકની આશા છોડીને ભક્તિમાં અને ઈશ્વર સ્મરણમાં મન પરોવવાનું કહે છે. જગતમાં મળેલી સિદ્ધિઓને તરણા સમાન ગણવી. સિદ્ધિઓને કારણે અભિમાન ન આવે એની કાળજી લેવી. પોતાના વચનમાં હંમેશાં મક્કમ રહેવું આમ જગતની મોહમાયાને ત્યજીને ઈશ્વરમય રહેવાનુ કહેવામા આવ્યું છે.**

2.અર્જુનના દૃષ્ટાંત દ્વારા કવિ શો સંદેશ આપે છે?

**ઉત્તર:અર્જુનના દૃષ્ટાંત દ્વારા કવિ કહે છે કે સમયની ગતિ કોઈ જાણી શક્યું નથી. મનુષ્ય બળવાન નથી પણ સમય બળવાન છે.મહાભારતનું યુદ્ધ પૂરું થયા પછી અર્જુન ભગવાન કૃષ્ણને મળવા ગયો, પણ ભગવાન'એકલા આવ્યા હતા અને એકલા જ જવાનું'એમ કહી સ્વધામ ગયા. તેથી તે ઉદાસ થયો અને પાછો ફર્યો. રસ્તામાં અર્જુનને મનમાં વિચાર આવ્યો કે એના જેવુ કોઈ બળવાન નથી. ભગવાને કાબાનો વેશ ધારણ કરીને અર્જુનને લૂંટી લીધો. અર્જુન પાસે ધનુષબાણ હતાં છતાં તે હારી ગયો. ત્યારે તેને સમજાય છે કે સમયથી વધુ કોઈ બળવાન નથી.**

3. 'હોડી' અને 'સંસાર'ના પ્રતીકો સ્પષ્ટ કરો.

**ઉત્તર: 'હોડી' એટલે માનવજીવન. કવિ મનુષ્યના જીવનને સમુદ્રમાં તરતી હોડી સાથે સરખાવે છે. 'સંસાર' એ મોહમાયાના સંબંધો છે. ભગવાનને કવિ વિનંતી કરે છે કે મારી જીવનરૂપી હોડીનો તારણહાર બનીને, માયાના બંધનમાંથી મુકત કરીને સંસારરૂપી સાગરની સેર કરાવ. પરમતત્વને પ્રાપ્ત કરવામાં મદદરૂપ બન. આમ, કહીને પ્રભુદર્શનની તીવ્રતા કવિએ વ્યક્ત કરી છે.**

**(વિષયવસ્તુ : 1.5**
**જોડણીદોષ : 0.5)**

**(B) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈપણ એક)** **3**

1.'વડલો ને પંખીડાં' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરી કાવ્યનું હાર્દ સમજાવો.

**ઉત્તર: કવિ કાગે આ કાવ્યમાં વડલા અને પંખીઓના રૂપક દ્વારા માનવસંબંધોનો મહિમા સમજાવ્યો છે. વનમાં આગ લાગી ત્યારે વડલો, પોતાની ઉપર માળો બાંધીને રહેતાં પંખીઓને માળો છોડીને દૂર દૂર ચાલ્યા જવા કહે છે. પંખીઓ પાસે પાંખો છે માટે તેઓ ઊડીને દૂર જઈ શકશે, પણ વડલાને તો આગમાં બળીને ખાક થવાનું જ છે. પંખીઓના મીઠાં ટહુકા તે પોતાના હૈયામાં સાચવી રાખશે, પણ પંખીઓ વડલાની આ વાત માનવા તૈયાર નથી. પંખીઓને લાગે છે કે 'જેણે આજ સુધી આશરો આપ્યો તેને આમ કપરી પરિસ્થિતિમાં એકલા મૂકીને ચાલ્યા જવું એ તો માત્ર સ્વાર્થ જ કહેવાય. એનાથી કલંક જ લાગે.' એથી પંખીઓ સાથે મરવાનું, સાથે ઉચાળા ભરવાનું અને સાથે જ ફરીથી જન્મ લઈને વડલા પર માળો બાંધવાનું કહે છે. કાવ્યનો કેંદ્રવર્તી વિચાર 'કપરી પરિસ્થિતિમાં પણ અતૂટ લાગણી અને સ્નેહબંધન એકબીજાને બાંધી રાખે છે. એ મૂલ્યવાન શીખ અહીં કવિ આપે છે.**

www.CBSEtips.in

2. 'વતનાનો તલસાટ' કાવ્યમાં આલેખાયેલો કવિનો કલ્પાંત આલેખો.

**ઉત્તર: રમણીક અરાલવાળા લિખિત 'વતનાનો તલસાટ' સૉનેટ કાવ્યમાં કવિને વતનવિરહનો કારમો ઘા હૈયે લાગ્યો છે. તેની વેદના દેહને નહિ પણ આત્માને વિહ્વળ બનાવે છે. જન્મભૂમિ જવા માટે કવિનો પ્રાણ પછાડા નાંખે છે. મા વછોયું બાળક અને ધણ વછોયું પશુ જેવો તલખાટ અનુભવે લગભગ તેવો જ તલખાટ કવિ અનુભવે છે. જીરવી જીરવાય નહિ, કોઈને કહેવાય નહીં, જરાપણ સહેવાય નહિ એવી વેદનાથી કવિ વ્યગ્ર બન્યા છે. ખુદની ત્વચા જાણે પોતાની જાત વડે ઉતરડાતી હોય એવી વેદના તેમના તન-મનને બાળી રહી છે.**

**જન્મભૂમિમાં પાણી ભરીને જતી પનિહારીઓ, પાકથી લહેરાતા ખેતરો, ખેડૂતોનાં મધુર ગીતો, ગંભીર વડલાનું ઝાડ, શંભુનું જીર્ણ દેરું, વાગોળતાં પશુઓ, મંદિરો પર લહેરાતી ભગવા રંગની ધજા, વહાલી બહેન, લંગોટિયા મિત્રો વગેરે બધુ જ છે પણ તેમની મમતામયી કાલગંગામાં વિલીન થયેલી મા જ નથી, એ વિચારે કવિની વેદના ચરમસીમાએ પહોચે છે. જનનીરહિત જન્મભૂમિથી અસંતુષ્ટ કવિને જનનીસહિતની વિદેશભૂમિમાં પૂર્ણ પરિતોષ પામવાની ઝંખના છે.**

**(વિષયવસ્તુ : 2.5**

**જોડણીદોષ : 0.5)**

**પ્રશ્ન-5 (A) નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (કોઈપણ ત્રણ) 9**

1.'પૂંજા મેજરની લગની' ચરિત્ર નિબંધને આધારે પૂંજાની નિઃસ્વાર્થપરાયણતા ચર્ચો.

**ઉત્તર: જૉસેફ મેકવાન લિખિત 'પૂંજા મેજરની લગની' ચરિત્ર નિબંધમાં મનુષ્યના વેશ નહિ, કિન્તુ તેના મન વૃત્તિ બદલવા, કેવળ નામ નહિ, કામ બદલવા જોઈએ. એ પૂંજા મેજરના પાત્ર દ્વારા આલેખાયું છે. ઈશ્વર પ્રત્યે એમને અપાર શ્રદ્ધા હતી. 'મોહે લાગી લગન' પંક્તિ હંમેશાં ગાતા રહેતા. એના ગીતમાં મસ્તી ટપકતી રહેતી.પૂંજાને કોઈપણ ચીજવસ્તુનો મોહ ન હતો. એમના મતે નોકરીના આટલા વર્ષોમાં એકઠી થયેલી ઘરવખરી એમને લજવતી હતી, માટે બધી જ ઘરવખરી જેને જોઈતી એને આપી દીધી. તેઓ દઢપણે માનતા હતા કે એને કાંઈ જોઈતું હશે તો ચોક્કસ ઈશ્વર આપશે જ.પૂંજો અને તેના પત્ની બે જણ, કોઈ જંજાળ નહીં. વંશવેલાનો કોઈ વલોપાત નહીં. શું ખાય કે શું પીએ કોઈને કશી ખબર નહીં. પૂરો સંત માણસ. આકાશના પંખી જેવો. વાવવું, લણવું, એકઠા કરવાની કોઈ પરોજણ નહીં. સાંજે છોકરાઓને ભેગા કરે સુવાર્તા સંભળાવે. કોઈની નિંદાની વાત આવે ત્યારે કોદાળીના ઘાથી ઘાસનું મૂળિયું ખોદી કાઢે, ક્યાં તો વાંસીથી વાડોલામાં પેસતી ધરો ખેંચી કાઢે. અને કહે આ કૂથલીના અપલક્ષણને ધરમૂળથી કાઢી નાંખવામાં ભલાઈ છે. ભક્તિમાં એને ભરોસો. બાઈબલમાં કહેલાં મર્મવચન પ્રમાણે વર્તવું એવું તેઓ હૃદયપૂર્વક માનતા. માંદાની માવજત કરે, એને જોઈતી મદદ કરવા હંમેશાં તત્પર રહે. આમ, કોઈની તથામાં ક્યારેય ન પડે જે કરે એને પણ રોકે.**

**(વિષયવસ્તુ : 2.5**

**જોડણીદોષ : 0.5)**

2.મહીજીએ દીકરાની નેકી અને મર્દાનગીની પરીક્ષા કેવી રીતે કરી?

**ઉત્તર: ઈશ્વર પેટલીકર લિખિત 'મોરના ઈંડાં' વાર્તામાં મહીજીનું પાત્ર એક અનોખુ વ્યક્તિત્વ ધરાવે છે. કબુને આણંદથી ખંભાત પહોચડવા મુનીમ અને ગાડીવાન વજેસંગ અને દલભાઈ નીકળ્યા. પડોળીની ભાગોળે આવતા જ સૂર્યાસ્ત થઈ ગયો. મુનીમજીએ મહીજીના દીકરાને વળાવિયા તરીકે લઈ જવાનું નક્કી કર્યું. પુત્રની કસોટી કરવા પોતે ડાકુ બનીને પુત્ર બુધો જે ગાડાનું રક્ષણ કરવા ગયો હતો એ જ ગાડાને લૂંટવા રસ્તો રોકીને ઊભો રહ્યો, તેણે બુધાને ખસી જવા પડકાર કર્યો. બુધાએ પણ સામો પડકાર કરીને ચાલ્યા જવા કહ્યું. એમ પણ કહ્યું કે 'અલ્યા બાપુ ! મારું માની જા**

www.CBSEtips.in

અત્યારે તું મારો બાપ નથી, હજી શરમ રાખું છું ત્યાં સુધી. નહીં તો જોયા જેવી થશે.' પણ મહીજી ખડગની પેઠ અડીખમ રહ્યો. ત્યારે બુધાએ પોતાની ફરજની વચ્ચે આવતા પિતા પર તલવારથી પ્રહાર કર્યો. પરંતુ મહીજી તો પુત્રની નેકીની કસોટી કરતો હતો. તેણે પુત્રને શાબાશી આપતાં કહ્યું કે 'શાબાશ દીકરા હવે મને ખાતરી થઈ ગઈ છે કે તું મારું નામ નહીં બોળે.' આમ મહીજીએ પોતાના પુત્રની નેકી અને ઇમાનદારીની પરીક્ષા કરી.

(વિષયવસ્તુ : 2.5

જોડણીદોષ : 0.5)

3.સ્વતંત્ર વિચારક તરીકે સૉક્રેટિસનું ચરિત્ર આલેખો.

ઉત્તર: સૉક્રેટિસ દુનિયાનો મહાન વિચારક હતો. તે બહુ બુદ્ધિશાળી હતો. લોકોને સદાચાર તરફ વળવા સમજાવવા લોકો સાથે અલકમલકની વાતો કરતો. લોકોને એની વાતોમાં રસ પડતો, મધમાખીઓની જેમ લોકો એની આસપાસ વીંટાળતા. સૉક્રેટિસ તે દ્વારા તેમને સાચો ધર્મ સમજાવતો. આચાર અને વિચારમાં તે પવિત્ર અને સદાચારી હતો. તે એવું માનતો હતો કે 'પોતાની આવડત કેળવીને પોતાની ફરજ અદા કરે તે જ ઉત્તમ માણસ.' એથેન્સના રાજવહીવટમાં પડેલા લોકોમાં પણ સૉક્રેટિસ ભળતો. તેમની સાથે ધર્મ, રૂઢિ, રીતરિવાજ વિશે ચર્ચામાં ઊતરતો. તે સ્વતંત્ર અને ઊંડો વિચારક હતો. પ્રામાણિકપણે જે સાચું લાગે તે કહેતો. તે હંમેશાં નમ્રપણે કહેતો કે, 'હું અજ્ઞાની છું જ્ઞાન મેળવવા મથું છું.ખાસ કરીને યુવાવર્ગ સૉક્રેટિસ પર ખૂબ ખુશ હતો. સૉક્રેટિસના વિચારોની એમના પર ખૂબ અસર પડી હતી. આ જોઈ એથેન્સના રાજકર્તા ખૂબ અકળાયા. એનેટસ નામના આગેવાનનો જુવાન છોકરો સૉક્રેટિસ સાથે બેસતો હતો. જે એમને ગમતું નહીં. છેવટે સૉક્રેટિસ પર યુવાનોને ભડકવવાનો અને નગરદેવતાને ન માનવાનો આરોપ મૂક્યો. તેના પર કેસ ચાલ્યો અને રાજદ્રોહના કાયદા હેઠળ સૉક્રેટિસને મોતની સજા થઈ.

(વિષયવસ્તુ : 2.5

જોડણીદોષ : 0.5)

4. 'ડાઘ' લઘુકથામાં પ્રગટતી સંવેદના આલેખો.

ઉત્તર: નરેન બારડ લિખિત 'ડાઘ' લઘુકથામાં સમાજની વરવી વાસ્તવિકતા રજૂ થઈ છે. સમાજમાં કહેવાતા ડાહ્યા અને સમજુ લોકો લગ્ન જેવા પવિત્ર સંબંધને કેટલા સંકુચિત દૃષ્ટિકોણથી જુએ છે. જેને કારણે સ્ત્રીઓને ઘણું સહન કરવું પડે છે. ડૉક્ટર સુનીતા શાહના જે દિવસે લગ્ન થયા એ દિવસે જ તેના કપાળમાં ચાંદલો કરવાની જગ્યાએ જનમથી થયેલાં કોઢના સફેદ ડાઘને કારણે તેના પતિએ તેનો ત્યાગ કર્યો. આ અપમાન ડૉક્ટર સુનીતાને જીવનભર દુઃખી કરી દે છે.

સુનીતા શાહના દવાખાને એક બાળકીને લઈને એની માતા આવી. બાળકીના આખા શરીરે સફેદ છાંટણાં ઊપસી આવ્યા હતા. બાળકીની મા ખૂબ ચિંતિત હતી. તે બોલી 'ગમે તેમ તોયે દીકરીની જાત !' સાવ સાચું કહેજો બેન ! ચિંતાનું કોઈ કારણ નથી ને? સુનીતા શાહે કહ્યું, 'ડરવાનું કોઈ કારણ નથી માત્ર વિટામિન-'એ'ની ખામીને કારણે સફેદ છાંટા ઊપસી આવ્યા છે.' આ ગોળી લખી આપું છું.' આ જવાબ સાંભળીને બાળકીની મા પર જાદુઈ અસર થઈ અને આભારસૂચક નજેરે તે દવાખાનાની બહાર નીકળી ગઈ.

સુનીતા ટેબલ પર માથું ઢાળીને આંખો મીંચીને પોતાના ભૂતકાળની દુઃખદ ઘટનામાં સરી પડી.

(વિષયવસ્તુ : 2.5

જોડણીદોષ : 0.5)

**(B) નીચેના સહિત્યકારનો આશરે દસ-બાર વાક્યોમાં પરિચય આપો. (<u>કોઈપણ એક</u>)** www.CBSEtips.in **4**

1. ઉમાશંકર જોશી
2. દલપતરામ

**વિદ્યાર્થીઓ પોતાની રીતે સર્જકની માહિતી આપીને લખશે. (વિષયવસ્તુ : 3.5, જોડણીદોષ : 0.5)**

## (Effective writing Skill)

**પ્રશ્ન-6 નીચે આપેલ વિષય પર આપેલા મુદ્દાને આધારે ૨૫૦ શબ્દોમાં નિબંધ લખો. (<u>કોઈપણ એક</u>)** **8**

**-પ્રસ્તાવના – 1**

**-વિષયવસ્તુ – 2**

**-ભાષા અભિવ્યક્તિ – 2**

**-ભાષા શુદ્ધિ અને વાક્યરચના- 2**

**-ઉપસંહાર -1**

**નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને નિબંધ તપાસવો...**

**-વિષયની પસંદગી**

**-શરૂઆત : આકર્ષક,સ્વાભાવિક અને સચોટ**

**-કાવ્ય પંક્તિ, સુભાષિતો કે અવતરણો આવકાર્ય છે.**

**-વિષયાંતર નહિ થાય તેની કાળજી રાખવી.**

**-સુંદર,સુવાચ્ય અક્ષર, જોડણીશુદ્ધિ અને ભાષા શૈલી વિશે કાળજી રાખવી.**

**પ્રશ્ન-7 પર્યાવરણની જાળવણી અંગે યોજાયેલા એક કાર્યશિબિરની સાથે ઉજવાયેલા વૃક્ષારોપણ દિનની માહિતી આપતો અહેવાલ વર્તમાનપત્રના તંત્રીને લખો.** **6**

**-શરૂઆત : 1**

**-વિષયવસ્તુ – 2**

**-ભાષા અભિવ્યક્તિ – 2**

**-ભાષા શુદ્ધિ અને વાક્યરચના- 1**

**નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને અહેવાલ તપાસવો...**

**-શરૂઆત : શીર્ષક, વિષય,સ્થળ,તારીખ**

**- ઘટનાનું સાચું, સચોટ અને સંક્ષિપ્ત વર્ણન-**

- કાર્યક્રમ જેવો બનીગયેલો હોય તે પ્રમાણે જ વર્ણવો, કોઇપણ બાબતની અતિશયોક્તિ થવી ન જોઈએ. www.CBSEtips.in

- ઘટનાના વળાંક કે તબક્કા મુજબ યોગ્ય ફકરા હોવા જોઈએ.

- ભાષા શુદ્ધ, સરળ અને સચોટ હોવી જોઈએ તેમજ જોડણીશુદ્ધિ અને ભાષા શૈલી વિશે કાળજી રાખવી.

**પ્રશ્ન-8 દૂધસાગર ડેરીની મુલાકાત માટે મંજૂરી માગતો પત્ર ડેરીના મેનેજરને લખો.** **6**

સરનામું અને તારીખ- 1

સંબોધન અને અભિવાદન – 1

વિષયવસ્તુ અને ભાષા શુદ્ધિ – 3

સમાપન અને લિખિતંગ – 1

નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને પત્ર લખવો.

પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ લખવું (International Method) નવી પદ્ધતિ પ્રમાણે પત્ર લેખન લખવું.

પત્રલેખનમાં સ્વાભાવિકતા જરૂરી છે.

પત્રની ભાષા સરળ અને શુદ્ધ હોવી જરૂરી.

વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક.

કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યવસાયિક કે સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી છે.

(નોંધ : પ્રશ્ન પત્રમાં જો પ્રેષક કે પ્રતિમાંથી કોઈનું પણ નામ આપ્યું ન હોય તો વિદ્યાર્થીએ પોતાની આગવી ઓળખ થાય એવા કોઇપણ પ્રકારનું સરનામું તેમજ લિખીતનમાં પોતાનું કે કોઇપણ જાણકારનું નામ અને સરનામાનો ઉલ્લેખ કરવો નહિ. જેમકે –

અ-સોસાયટી,

બ- વિભાગ.

ક- શહેર.

તા-______

પ્રતિ,

આચાર્ય સાહેબ શ્રી,

ક- શહેર.

વિષય :-

માનનીય મેનેજર સાહેબ શ્રી,

જણાવવાનું કે,.........................................

એક સભ્ય નાગરિક

મ,સ,ડ

(તેમજ ક્યાં પણ લીટી  છોડાવી નહિ)

**********************************************